# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-07-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે રાજ્યમાં રોકાણ કરનાર 15 મોટા એકમોને મંજૂરી આપી
2) ગાંધીનગરનાં ખોરજ વિસ્તારમાં સ્પેસ પાર્કનું નિર્માણ કરાશે.
3) અમૂલ બ્રાન્ડ હેઠળ દૂધ અને દૂધની બનાવટોનું માર્કેટિંગ કરતી સહકારી સંસ્થા GCMMFના ચેરમેન તરીકે અશોક ચૌધરીની વરણી
4) 'લખપતિ દીદી ' યોજના હેઠળ દક્ષિણ ડાંગની 40 મહિલાઓએ 35 લાખ રૂપિયાથી વધુની કમાણી કરી
5) આગામી 24 કલાકમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# BALVANTSINH GANDHINAGAR

રાજ્યમાં રોકાણ કરનાર 15 મોટા એકમોને મંજૂરી અપાઈ. ગાંધીનગર ખાતે મોટા ઉદ્યોગોને અંતિમ પાત્રતા પ્રમાણપત્ર આપવા અંગેની સમિતિની બેઠકમાં ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યુ કે આ 15 નવા ઉદ્યોગો રાજ્યમાં કુલ એક હજાર કરોડ કરતાં વધુનું મૂડીરોકાણ કરશે ; જેનાથી અંદાજે 3 હજાર 697 જેટલી નવી રોજગારીનું પણ સર્જન થશે. રાજ્યમાં આવનાર આ ઉદ્યોગોને નેટ એસ.જી.એસ.ટી. સહાય માટે ‘ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રિઝ યોજના’ હેઠળ મંજૂરી અપાઈ છે.

આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં રાજ્યમાં એક લાખ 48 હજાર કરોડ કરતાં વધુનું મૂડીરોકાણ અને એક લાખ 65 હજાર કરતાં વધુ સીધી રોજગારીનું સર્જન થયું છે.

. . . . . . . . . . . . .

# SPACE REGIONAL MEET

ગાંધીનગરમાં ખોરજ વિસ્તારમાં સ્પેસ પાર્કનું નિર્માણ કરાશે. આજે ગાંધીનગરમાં અવકાશ કાર્યક્રમો માટે પ્રાદેશિક પરિષદ દરમિયાન વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધારે આ મુજબ જણાવ્યુ હતું. સુશ્રી ખંધારે કહ્યું. સૌરાષ્ટ્રનો દરિયાકિનારો રોકેટ પ્રક્ષેપણ માટે સાનુકૂળ વિસ્તાર છે.

(બાઇટ: મોના ખંધાર, અગ્ર સચિવ)

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પરિસદનો શુભારંભ કરાવ્યો હતો. જેમાં અવકાશ આધારિત ટેકનોલોજીના વ્યાપક ઉપયોગ અંગે સામૂહિક મંથન કરાયું. આ બેઠકમાં ગુજરાત દીવ, દમણ, દાદરા નગર હવેલીના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતાં.

. . . .

# DHARTI ABA ABHIYAN

ધરતી આબા જન ભાગીદારી અભિયાન ’ હેઠળ રાજ્યભરમાં યોજાયેલા 765 કેમ્પમાં પાંચ લાખથી વધુ આદિજાતિ ભાઈ-બહેનો સહભાગી થયા. આદિજાતિ વિકાસ મંત્રી ડૉ.કુબેર ડિંડોરે આ માહિતી આપી છે.

(બાઇટ: **ડૉ.કુબેર ડિંડોર, આદિજાતિ મંત્રી** )

**આ અભિયાન અંતર્ગત** હેલ્થકાર્ડ, રેશનકાર્ડ, જાતિ પ્રમાણપત્ર , આધાર કાર્ડ, જમીન ચકાસણી કાર્ડ , આવાસ યોજના , સ્વરોજગારીના સાધનો , વીજળીનો લાભ જેવા અનેક યોજનાકીય લાભો અપાયા.

. .

# GCMMF CHAIRMAN

અમૂલ બ્રાન્ડ હેઠળ દૂધ અને દૂધની બનાવટોનું માર્કેટિંગ કરતી સહકારી સંસ્થા GCMMFના ચેરમેન તરીકે અશોક ચૌધરીની વરણી કરવામાં આવી છે. અશોક ચૌધરી હાલ મહેસાણાની દૂધસાગર ડેરીના ચેરમેન છે. જ્યારે GCMMFના વાઇસ ચેરમેન તરીકે ગોરધન ધામેલીયાની નિમણૂક કરવામાં આવી છે. તેઓ રાજકોટ ડેરીના ચેરમેન હતા. આ બંને પદ માટે આજે ચૂંટણી યોજવાની હતી પરંતુ બંને પદ માટે એક-એક ઉમેદવારી પત્ર ભરાતા બંને ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. આ અંગે ચૂંટણી અધિકારી પ્રવિણ ચૌધરીએ વધુ માહિતી આપી.

(બાઇટ: પ્રવિણ ચૌધરી, ચૂંટણી અધિકારી)

. . . . . . . . . . . . .

# IRIGATION WORKS

વાંકાનેર, ચોટીલા તાલુકાને સ્પર્શતી મચ્છુ–૧, ત્રિવેણી ઠાંગા સિંચાઈ યોજના અંતર્ગત 254 કરોડ રૂપિયાના કામોને સિંચાઇ વિભાગે મંજુરી આપી છે. આ અંગે પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યુ હતું કે આ યોજનાથી વાંકાનેર , ચોટીલા તાલુકાના 20 ગામોની 13 હજાર 450 એકર જમીન અને 1700 ખેડૂતોને સિંચાઈના પાણી મળશે.

. . . . .

# DANG – LAKHPATI DIDI

'લખપતિ દીદી' યોજના હેઠળ ડાંગ જિલ્લાની 40 મહિલાઓએ 35 લાખ રૂપિયાથી વધુની કમાણી કરી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યાઅનુસાર વન વિભાગે આદિવાસી મહિલાઓને રોપા ઉછેરમાં તાલીમ , નાણાકીય સહાય અને બજાર સાથે જોડાણ પ્રદાન કરીને આવક મેળવવામાં સહાય કરી હતી. સ્વસહાય જૂથોની આ મહિલાઓએ વર્ષ 2023-24માં 8 લાખ 50 હજાર રોપા ઉછેરીને 35 લાખની આવક પ્રાપ્ત કરી હતી.

. . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.............

# WEATHER FORECAST

આગામી 24 કલાકમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગે આગામી ચાર દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે. હવામાન વિભાગના નિયામક ડો.એ.કે.દાસે જણાવ્યું કે , આગામી પાંચ દિવસ સુધી ગાજવીજ સાથે 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.

(બાઇટ : ડો. એ.કે.દાસ – નિયામક)

. . . .

# GUJARAT RAIN

દરમિયાન  રાજ્યના 59 તાલુકામાં આજે વરસાદ     થયાના અહેવાલ  જેમાં નવસારીના જલાલપોરમાં સૌથી વધુ 3 ઇંચ વરસાદ વરસ્યો છે. જ્યારે નવસારી તાલુકામાં 2 ઇંચ અને મહીસાગર જિલ્લાના કડાણામાં દોઢ ઇંચ વરસાદ પડ્યો છે. આ સાથે નવસારીના ગણદેવી અને વલસાડના ઉમરગામમાં પણ એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ સાથે રાજ્યમાં મોસમનો સરેરાશ 54 ટકાથી વધુ વરસાદ નોધાયો છે. કચ્છ વિસ્તારમાં સૌથી વધુ સરેરાશ 63 ટકા અને પૂર્વ-મધ્ય ગુજરાતમાં સૌથી ઓછો સરેરાશ 50 ટકા વરસાદ વરસ્યો છે.

જળાશયોની સ્થિતિની વાત કરવામાં આવે તો  , 48 જળાશય હાઇએલર્ટ પર છે અને 17 એલર્ટ પર છે.

. . . .

# ROAD REPAIR

રાજયમાં ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી નગરપાલિકાઓ દ્વારા રોડ રસ્તાઓનું રિપેરિંગ તેમજ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે.

છોટાઉદેપુર જિલ્લામાં ભારે વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલ રસ્તાઓના સમારકામનું કાર્ય યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું.

વાંકાનેર નગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે અડચણરૂપ ૧૨ કાચા-પાકા દબાણો હટાવાયા. વરસાદી પાણીના નિકાલ હોય તેવા વોકળા સહિતના સ્થળોએ ગેરકાયદે દબાણોને કારણે પાણી ભરાવવા સહિતની સમસ્યા રહેતી હોય છે જેના ઉપાયરૂપે આજે તંત્રએ આ દબાણો હટાવ્યા હતા. જેનાથી કુલ ૫૦૦ ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરાઇ છે.

. . . . . . . .

# ROAD RASTA SAMIKSHA BETHAK

ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગર શહેરના રોડ-રસ્તા તેમજ ડ્રેનેજના કામો બાબતે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી પરિસ્થિતીનો તાગ મેળવ્યો.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે વર્ચ્યુઅલ ઉપસ્થિતી દ્વારા નગરજનોને થઈ રહેલી મુશ્કેલીઓ અંગેની સંપૂર્ણ માહિતી મેળવી ઉપસ્થિત ઉચ્ચ અધિકારીઓને યોગ્ય એક્શન પ્લાન બનાવવા કડક સૂચનાઓ આપી.

. . . . .

# RENU YAGNIK –RAJKOT

જાણીતા નાટ્ય અભિનેત્રી તેમજ આકાશવાણી રાજકોટના નિવૃત્ત ઉદઘોષિકા રેણુબેન ભરતભાઇ યાજ્ઞિકનું આજે ૪0 વર્ષની વયે અવસાન થયું છે.

આકાશવાણીના બાલસભા કાર્યક્રમના માધ્યમથી તેઓ નાની બહેન તરીકે ખ્યાતિ પામ્યા હતા. મહિલાલક્ષી કાર્યક્રમોના નિર્માણમાં પણ તેમનું અનોખું યોગદાન રહ્યું હતું. પોતાની જ પારિવારિક સંસ્થા કલા નિકેતનના માધ્યમથી તેમણે ગુજરાતી રંગભૂમિના સીમાચિન્હ રૂપ નાટકોનું નિર્માણ તેમજ અભિનય પણ કર્યો હતો. સદગતની અંતિમ યાત્રા આજે રાત્રે ૪ વાગ્યે પ્રેમાલય , 2 સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી, નિર્મલા કોન્વેન્ટ સામેથી નીકળશે.

આકાશવાણી પરિવારે આ દુખદ પ્રસંગે શોકની લાગણી વ્યક્ત કરી છે.

. . . . . . . .

# AMIT CHAVDA PADGRAHAN

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નવનિયુક્ત પ્રમુખ અમિત ચાવડાએ આજે પદભાર સંભાળ્યો. આજે અમદાવાદના રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલા પદગ્રહણ સમારોહમાં પક્ષના મહાસચિવ અને ગુજરાતનાં પ્રભારી મુકુલ વાસનીક , પ્રદેશ કોંગ્રેસ પૂર્વ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ , વિધાનસભાનાનેતા તુષાર ચૌધરી , ધારાસભ્ય શૈલેષ પરમાર સહિતના ઉપસ્થિત રહ્યા.

આ પ્રસંગે શ્રી ચાવડાએ આગામી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો.

. . . . .

# TREE PLANTATION

ગાંધીનગરના દંતાલી ખાતે 'એક પેડ માં કે નામ" અભિયાનના બીજા તબક્કા અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો.

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી તેમજ રાજ્ય મંત્રી મુકેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા અંદાજે ૪ હજાર વૃક્ષોનું વાવેતર કરાયું તેમજ આનંદમ્ પરિવાર દ્વારા અંદાજે ૨ લાખ ૧૧ હજાર વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવાયો.

આ પ્રસંગે વન પર્યાવરણ મંત્રીશ્રીએ સામૂહિક વનીકરણ કાર્યક્રમો થકી વધુમાં વધુ વૃક્ષો વાવીને અભિયાનમાં સહભાગી થવા નાગરિકોને અનુરોધ કર્યો.

. . . . .

# FOOD SAFETY

રાજ્ય સરકાર દ્વારા ફુડ સેફ્ટી અને સ્ટાન્ડ ર્ડસ એક્ટ , ૨૦૦૬ના અસરકારક અમલ માટે કેટલીક દંડનીય જોગવાઇઓમાં કરેલા સુધારાઓ અંગે જાહેર જનતા , સંસ્થાઓને તથા હિતધારકો પોતાના સૂચનો 30 દિવસની અંદર ખોરાક અને ઔષધ નિયમન તંત્રના વેબ પેજ પર ઓનલાઇન મોકલી આપવા કમિશનરશ્રી , ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

. . . . . .